| | |
|---|---|
| આંક | ૧૩ |
| દાખલ થયા તા. | ૨૨/૦૯/૨૦૨૨ |
| રજુ કર્યા તા. | ૨૨/૦૯/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તા. | ૧૦/૦૬/૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૩ વર્ષ, ૦૮ માસ, ૧૯ દિવસ |

**૫ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૯૫૩૫૭/૨૦૨૨**

**ફરીયાદી :–**

**૧.** સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુધ્ધ**

**આરોપી :–**

**૧.** રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે, ઉ.વ.૪૯,

**૨.** ચંદ્રાબેન રાજીવ ઉર્ફે રાજુ દવે, ઉ.વ.૫૫,
બન્ને રહે. નીલગીરીના છાપરા, દશામાના મંદીરની બાજુમાં,
ચંડોળા તળાવ, ઈસનપુર, અમદાવાદ.

**ગુન્હો:– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી તરફે : વિ. વ. શ્રી આઈ. એ. શેખ**

**–//જજમેન્ટ//–**

(૧) આ કામના આરોપી તા.૨૪.૦૬.૨૦૨૨ ના કલાક ૨૦:૧૫ વાગ્યે નીલગીરીના છાપરા, દશામાના મંદીરની બાજુમાં, ચંડોળા તળાવ, ઈસનપુર, અમદાવાદ શહેર ખાતે ચંદ્રાબેન રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે નાઓ સાથે ભેગા મળી એકબીજાની મદદગારી કરી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દેશી દારૂનો જથ્થો ૩૧ લીટર કિંમત રૂા.૬૨૦/– તથા ૧૮૦ મીલી સેમ્પલ બોટલ તથા રોકડા રૂા.૨૫૦/– મળી કુલ કિંમત રૂા.૮૭૦/– ની મત્તા ગણાય તે જથ્થો ઈસનપુર પોતાના ઘર આગળ જાહેરમાં વેચાણ કરતા રેઈડ દરમ્યાન આરોપી નં.૧ રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે નાઓ મળી આવી

પકડાઇ ગયેલ ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં કરતાં, પોલીસે પાર્ટ સી ગુના રજી. નં. ૧૧૧૯૧૦૨૨૨૨૦૬૫૪/૨૦૨૨ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને મુદ્દામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે લીધેલ અને મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લઇ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઇ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનું ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(બી), ૬૫(ઇ), ૮૧ મુજબનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ કરતા તેઓ હાજર થયેલ હોઇ, કેસના કાગળોની નકલો વિના મુલ્યે આરોપીઓને આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ સામે આંક-૦૫ થી તહોમતનામુ ફરમાવી તેઓનો જવાબ આંક-૦૬ અને ૦૭ અન્વયે થી રેકર્ડ પર લેવામાં આવેલ છે અને તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩.) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**-: ફરીયાદપક્ષે મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૮ | પંચસાહેદ ચીરાગભાઇ ડાહ્યાભાઇ મકવાણાની જુબાની |
| ૨. | ૧૦ | પંચસાહેદ અજયકુમાર બાબુલાલ ઠાકોરની જુબાની |
| ૩. | ૧૧ | ફરીયાદી ઇમરાનખાન ઇમામખાન પઠાણની જુબાની |

**-: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચનામાની નકલ |
| ૨. | ૧૨ | ફરીયાદની નકલ |

(૪) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો

પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં તેઓ વિરૂધ્ધના પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ વિશેષમાં નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫.)આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.ની તેમજ આરોપીઓના વિ. વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬.) આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા.૨૪.૦૬.૨૦૨૨ ના કલાક ૨૦:૧૫ વાગ્યે નીલગીરીના છાપરા, દશામાના મંદીરની બાજુમાં, ચંડોળા તળાવ, ઈસનપુર, અમદાવાદ શહેર ખાતે ચંદ્રાબેન રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે નાઓ સાથે ભેગા મળી એકબીજાની મદદગારી કરી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દેશી દારૂનો જથ્થો ૩૧ લીટર કિંમત રૂા.૬૨૦/– તથા ૧૮૦ મીલી સેમ્પલ બોટલ તથા રોકડા રૂા.૨૫૦/– મળી કુલ કિંમત રૂા.૮૭૦/– ની મત્તા ગણાય તે જથ્થો ઈસનપુર પોતાના ઘર આગળ જાહેરમાં વેચાણ કરતા રેઈડ દરમ્યાન આરોપી નં.૧ રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે નાઓ મળી આવી પકડાઇ ગયેલ અને ગુનો કરી ધી પ્રોહી એકટની કલમ – ૬૬(બી), ૬૫(ઇ), ૮૧ નો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમત માં કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) છેવટના હુકમ મુજબ.

**– :: કા ર ણો ::–**

**<u>મુદ્ધા નં. ૧ ના કારણો</u> :–**

(૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપી તા.૨૪.૦૬.૨૦૨૨ ના કલાક ૨૦:૧૫ વાગ્યે નીલગીરીના છાપરા, દશામાના મંદીરની બાજુમાં, ચંડોળા તળાવ, ઈસનપુર, અમદાવાદ શહેર ખાતે ચંદ્રાબેન રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે નાઓ સાથે ભેગા મળી એકબીજાની મદદગારી કરી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દેશી દારૂનો જથ્થો ૩૧ લીટર કિંમત રૂ.૬૨૦/– તથા ૧૮૦ મીલી સેમ્પલ બોટલ તથા રોકડા રૂ.૨૫૦/– મળી કુલ કિંમત રૂ.૮૭૦/– ની મત્તા ગણાય તે જથ્થો ઈસનપુર પોતાના ઘર આગળ જાહેરમાં વેચાણ કરતા રેઈડ દરમ્યાન આરોપી નં.૧ રાજીવ ઉર્ફે રાજુ ઠાકોરભાઇ દવે નાઓ મળી આવી પકડાઇ ગયેલ અને ગુનો કરેલ. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી ઈમરાનખાન ઈમામખાન પઠાણ નાઓએ આપેલ તેઓની જુબાની આંક–૧૨ થી નોંધવામાં આવેલ છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે તેમજ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવની જગ્યાની આજુબાજુ ઘણા છાપરા રહેણાંક વિસ્તાર છે અને બનાવ વાળી જગ્યા જાહેર વિસ્તાર છે તેમજ તેઓની હાજરીમાં કોઇ આજુબાજુના રહીશોના નિવેદનો લીધેલ હોય તેવું બનેલ નથી તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં, પંચસાહેદ ચીરાગભાઈ ડાહ્યાભાઈ મકવાણા નાઓને આંક–૦૮ થી તેમજ પંચસાહેદ અજયભાઇ બાબુલાલ ઠાકોરને આંક–૦૯ થી તપાસતાં તેઓએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને પંચનામા અંગે તેઓ કાંઇ જાણતા નથી તેવું જણાવેલ છે. આમ, પંચસાહેદની જુબાનીથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આ ઉપરાંત ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી પોલીસ સાહેદ છે. આ સંજોગોમાં રેકર્ડ પર રજુ પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આ ખ રી હુ ક મ</u>**

૧. આથી, આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ– ૬૬(બી), ૬૫(ઇ), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો. મુદ્દામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના જામીન અને જાતમુચરકા સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૦, માહે.જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
૫ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી (કોર્ટ નં.૧)
Code–GJ00956

અમદાવાદ